સફાઇ કામદારોના પુનઃ સ્થાપન માટેની "પંડિત દિન દયાળ ઉપાધ્યાય અંત્યોદય સ્વચ્છતા બજારો (સેનેટરી માર્ટ) ઉભા કરવાની યોજનાના અમલીકરણ બાબત.

ગુજરાત સરકાર,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ- પરચ/૧૦૨૦૦૦/ભા.સ.-૫૦/ધ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૫/૨/૦૪

વંચાણમાં લીધા :-

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૪/૭/૨૦૦૦ નો ઠરાવ ક્રમાંકઃ- એમઆઇએસ/૧૦૨૦૦૦/૩૧૬/ગ.

(૨) શ.વિ. અને શ.ગૃ.નિ.વિભાગનો તા.૨૨/૮/૨૦૦૦ નો પરિપત્ર ક્રમાંકઃ-પરચ/૧૦૨૦૦૦/ભા.સ.-૫૦/ધ તથા સરખા ક્રમાંકનાં સુધારા પરિપત્ર તા.૫/૯/૨૦૦૩.

(૩) નાયબ સચિવશ્રી (પ્રો.) ના તા.૨૦/૨/૨૦૦૪ ના પત્ર ક્રમાંકઃ-પરચ/૧૦૨૦૦૦/જીઓઆઇ-૫૦/ધ..

પ રિ પ ત્ર :-

પંડિત દિનદયાળ ઉપાધ્યાય અંત્યોદય સ્વચ્છતા બજારો (સેનીટરી માર્ટ) યોજના સંદર્ભ(૧) ના ઠરાવથી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફથી અમલમાં મૂકાયેલ છે. તે અન્વયે આ વિભાગના સંદર્ભ(૨) ના ઠરાવથી નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓમાં પણ અમલમાં મૂકેલ છે. તાજેતરમાં મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૧૨/૧૨/૨૦૦૩ ના રોજ મળેલ રાજ્યકક્ષાની સમિતિની બેઠકમાં લેવાયેલ નિર્ણય અનુસાર મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં સેનેટરી માર્ટ મંડળીઓને યોજનાની જોગવાઇ મુજબ ટોકન ભાડે જમીન/દુકાન/ગોડાઉનની ફાળવણી વાસ્તવિક સંજોગોને ધ્યાનમાં લેતાં શક્ય બની શકેલ નથી. આથી સબંધિત મહાનગરપાલિકાઓ તથા નગરપાલિકાઓ તેમને સંબંધિત અધિનિયમોથી મળેલ સત્તા અન્વયે આવી સંસ્થાઓને રાહત દરે જમીન/દુકાન/ ગોડાઉનની ફાળવણી કરતી હોય છે. જો સદરહુ અધિનિયમો અન્વયે આવી મંડળીઓને રાહતદરે જમીન/દુકાન/ગોડાઉનો ન ફાળવી શકાતા હોય તેવા સંજોગોમાં નીચે મુજબની કાર્યવાહી કરવા પણ આથી અનુરોધ કરવામાં આવે છે.

(૧) મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ તથા નગરપાલિકાઓને ભૂતકાળમાં રૂ.૫૦૦/- ના ટોકન ભાડાથી સેનેટરી માર્ટ મંડળીઓને જમીન/દુકાન/ગોડાઉનની ફાળવણી કરવાનું નક્કી થયેલ. જે શક્ય બનેલ નહીં હોવાથી હવે આથી વાસ્તવિક કિંમત (Actual cost) ધ્યાનમાં રાખી ૫૦% સબંધિત મહાનગરપાલિકા/ નગરપાલિકા

DH.GEN-S

ભોગવે. ૩૦% રકમ પૂજ્ય ઠક્કરબાપા સફાઇ કામદાર પુનઃસ્થાપન યોજનાના (રાજ્ય સરકારના સા.ન્યા. અને અધિ.વિભાગ હસ્તકના ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ હેઠળની યોજના) ફંડમાંથી તેમજ બાકી રહેતી ૨૦% રકમ મંડળી પોષણક્ષમ થયેથી સબંધિત માન્ય મંડળી પાસેથી હપ્તેથી મેળવીને તથા સબંધિત મંડળીને ફરજીયાત ફાળવણી કરવા આથી સર્વે નગરપાલિકાઓ/ મહાનગરપાલિકાઓને સૂચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

(જી.જે.પટેલ)
ઉપસચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

પ્રતિ,

- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, ભાવનગર, જુનાગઢ.
- અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- પ્રાદેશિક નગરપાલિકા નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કલેક્ટરશ્રી, સર્વે જિલ્લા કલેક્ટર કચેરી.
- કમિશ્નરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.
- પ્રમુખશ્રી, સર્વે નગરપાલિકા.
- મુખ્ય અધિકારીશ્રી, સર્વે નગરપાલિકા.
- સેક્શન અધિકારીશ્રી, મ,પ અને ૨ શાખા, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ.
- નાયબ સેક્શન અધિકારીશ્રી સિલેક્ટ ફાઇલ.
- માન.મંત્રીશ્રી (શ.વિ.) ના અંગત સચિવશ્રી, જાણ સારૂ.